


"બલિહારી ગુરૂ દેવ કી... ગોવિંદ દિયો બતાય..."

"વાહ..! હજુ તો ગુરૂપૂર્ણિમાનો જ માહોલ લાગે છે..!!"

"અરે ભાઈ..! ગુરૂના મહિમાગાન માટે તો એક દિવસ ઓછો પડે... પણ આપણે પૂર્ણિમાને નિમિત્ત બનાવીએ છીએ..! બાકી તો 'ગુરૂ એટલે ગુરૂ'..!!"

"હા... હા..! ગુરૂ કોઈ વ્યક્તિ હોઈ શકે... કોઈ પુસ્તક હોઈ શકે... કોઈ ગ્રંથ હોઈ શકે..!! હું તો બહુ સ્પષ્ટ માનુ છુ કે આપણું જીવન જ આપણો ગુરૂ છે..! કારણ કે જીંદગી આપણને ખુબ શીખવે છે..! સમય ઓળખતા શીખવે... સંબંધો ઓળખતા શીખવે... આવતીકાલના એંધાણ શીખવે... પરિસ્થિતિને માપવાનું અને પરિસ્થિતિને પામવાનુ શીખવે..! એટલે મારે મન તો જીંદગી જ શ્રેષ્ઠ ગુરૂ છે..!!"

"પણ આજે જીંદગી પણ અટવાઈ ગઈ છે... ભાગદોડમાં માણસ પોતાની જાતને ભુલતો જાય છે... ભારે ભીડમાં પણ એકલો ને એકલો જીવતો જાય છે... સમૃદ્ધિના ભારે વૈભવ વચ્ચે પણ મનથી માણસ ગરીબને ગરીબ બનતો જાય છે..! સાચુ કહુ..?! માર્ગો અને મકાનો મોટા થતા જાય છે... પણ મન સાંકડા થતાં જાય છે..!!"

"જીંદગી જ બિચારી અને બાપડી થઈ ગઈ છે..! શું ગુરૂ બની શકે..?! કેવી રીતે બની શકે..?!"

"ના સાહેબ..! હું સહમત નથી..! જીંદગી ગઈકાલે પણ સમૃદ્ધ હતી... આજે પણ સમૃદ્ધ છે... અને આવતીકાલે પણ સમૃદ્ધ રહેશે..!! અને જીંદગીને માત્ર પદ-પૈસા ને પ્રતિષ્ઠાની માપપટ્ટીથી ન માપવી જોઈએ..! જીંદગી એટલે જીંદગી જ છે..!!"

"ઓ...હો..!! ખુબ સારૂ વિચારો છો તમે..!"

"હા સાહેબ..! તમને ડોબા જેવા લાગતા હોઈશું... પણ મારી પણ જીંદગી જ છે ને..?! મારૂ પણ પોતાનું એક રજવાડું છે... હું જ મારો રાજા ને હું જ મારૂ રાજ્ય..!! બસ આ જ જોમ અને જુસ્સાથી જીવન જીવાય તો જીવન જ ગુરૂ બની જાય..!!"

"પણ આજકાલ જુઓને... ચારે બાજુ નિરાશા-હતાશા-વ્યથા-વ્યગ્રતા વચ્ચે અટવાયેલી જીંદગી ક્યાંથી જુસ્સો લાવે..?! કેવી રીતે જુસ્સો લાવે..?!"

"ખુબ જ સીમ્પલ..! આપણે ક્યારેય આપણી શક્તિનુ માપ કાઢતા નથી... માત્ર ને માત્ર બીજાની શક્તિઓની વાહ-વાહી કરીએ છીએ અથવા તો ટીકા-ટીપ્પણી કરીએ છીએ..! જો એક વખત આપણી શક્તિનો પરિચય પામી શકાશે તો આપોઆપ જોમ અને જુસ્સો પ્રગટી જશે..!!"

"ઓ હો હો..! ખુબ સુંદર વાત કરી અને ખુબ સરળતાથી વાત કરી..! આમ તો શ્રીમદ્ ભગવત ગીતાના ૭૦૦ શ્લોકનો અર્ક તમે વાત-વાતમાં કહી દીધો..!! મજા પડી..!"

"જો ભાઈ..! હું તો બહુ જ સાચી વાત કહું... આજે આપણા સમાજમાં બે-ચાર મંદિરો ઓછા બંધાશે તો ચાલશે પણ હાલતા-ચાલતા જીવન મંદિરમાં આરતીની એક ઝાલર વાગી જાય તો શ્રી હરિના દર્શન સાક્ષાત થઈ જાય..!!"

"કહેવુ પડે..! આજની ગુરૂપૂર્ણિમા સફળ થઈ ગઈ..! મને તો ઘેર બેઠા ગુરૂ મળ્યા..!! એમજ ને..?!"

"હા... ભાઈ... હા..!!"

# પડકાર મોટો છે; બાળકની જિજ્ઞાસા જગાવો : ડૉ. સિંઘ

**મિશન મહિના માટે નહિ આખુ વર્ષ મહેનતની જરૂર છે : ''મિશન વિદ્યા''ના ત્રણ જુદા-જુદા સ્વરૂપ આજે બહાર આવ્યા : દહેગામમાં બાળકોને શાળાએ જવાનો મૂડ નથી તો સરગાસણમાં શિક્ષકોએ ગુણવત્તાસભર શિક્ષણ માટે ખાસ બુકો તૈયાર કરી અને ઝેરોક્ષના પૈસા પોતાના ખિસ્સાના ખર્ચ્યા**



ગાંધીનગર, તા. ૨૭

વાંચન-લેખન અને ગણનમાં નબળા બાળકોને સામાન્ય કક્ષામાં મુકવાનો પડકાર મોટો છે. આ મિશનને માત્ર એક માસ પુરતુ જ સીમીત ના રાખતાં બાળકોની ક્ષમતાનો વિચાર કરી અને તેમને કેન્દ્રમાં રાખી આખુ વર્ષ મહેનત કરજો તેવી શીખામણ રાજ્યના મુખ્ય સચિવ ડૉ. જે.એન. સિંહે આજે સે. ૨૯ અને સે. ૩૦ની શાળાઓની મુલાકાત બાદ શિક્ષકોને આપી હતી.

મિશન વિદ્યા અંતર્ગત આજે બપોરે રાજ્યના મુખ્ય સચિવ ડૉ. જે.એન. સિંહ તેમના એકદમ કડક શિડ્યુલમાંથી પણ સમય કાઢી સે. ૨૯ અને સે. ૩૦ની પ્રા. શાળામાં પહોંચ્યા હતા.

મુખ્ય સચિવ શ્રી સિંહે સીધા વર્ગખંડોમાં જ પ્રવેશી બાળકોને

● અનુસંધાન પાન-૭ પર

# સે-૧૪માં સેટલમેન્ટ કમિશ્નરની કચેરી માટે ડેટા સ્ટોરેજ સેન્ટર બનાવાશે

**એક જ ઠેકાણે કચેરીનો સઘળો ડેટા સંકલિત કરી રાખી શકાય તે માટે કરોડોના ખર્ચે સેન્ટર બનાવાશે**

ગાંધીનગર તા ૨૭

સેટલમેન્ટ કમિશ્નર અને જમીન દફતર નિયામકની કચેરીમાં ડેટા સ્ટોરેજ સેન્ટરનુ નિર્માણ કરવા માટે આયોજન કરી દેવાયુ છે. જયારે આગામી દિવસોમાં આ સેન્ટર ઉભુ કરવા માટે કામગીરી હાથ ધરાશે. આ કાર્યયોજના અન્વયે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાઈ છે. આ કામગીરીને અનુલક્ષી અંદાજિત રૂ ૩૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે. ડેટા સેન્ટરના અંતે એક જ જગ્યાએ રેકર્ડ સંકલિત કરી શકાશે.

શહેર માં સ્થિત સેટલમેન્ટ કમિશ્નર અને જમીન દફતર નિયામકની કચેરી માટે ડેટા સ્ટોરેજ સેન્ટર બનાવાશે. સેટલમેન્ટ કમિશ્નર અને જમીન દફતર નિયામકની કચેરી દ્વારા આ ડેટા સેન્ટર માટે દરખાસ્ત કરવામાં આવી હતી. આ સેન્ટર બનાવવા માટે માર્ગ મકાન વિભાગ દ્વારા જરૂરી પ્રક્રીયા હાથ ધરી આયોજન કરી દેવાયુ છે. જેમાં સેટલમેન્ટ કમિશ્નર કચેરીનો સઘળા ડેટાને અનુલક્ષી આ ખાસ સેન્ટર સંકુલ ઉભુ કરાશે. આ કામગીરીને અનુલક્ષી ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. જયારે આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૩૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે. સે-૧૪ માં આ ડેટા સ્ટોરેજ સેન્ટર બનાવવા માટે આયોજન કરી દેવાયુ છે. આ સેન્ટરનુ નિર્માણ થયા બાદ સેટલમેન્ટ કમિશ્નરની કચેરીનો સઘળો ડેટા એક જ જગ્યાએ સંકલિત કરી રાખવામાં આવશે. આ માટે વહીવટી મંજુરી આપી દેવાયા બાદ હવે ડેટા સેન્ટર ઉભુ કરવા માટે આગળની પ્રક્રીયા હાથ ધરાઈ છે. જો કે હજુ ટેન્ડર પ્રક્રીયાના અંતે મંજુરી બાદ એજન્સી આખરી થશે. જયારે એજન્સી આખરી કરાયા બાદ ડેટા સેન્ટર તૈયાર કરવા માટે કામગીરી હાથ ધરાશે. જેથી આ કામગીરી શરૂ કરવામાં હજુ એક મહીનાથી વધુ સમય લાગશે.

# શહેરમાં અખાદ્ય વસ્તુઓનું વેચાણ કરનારાઓ પર લાલ આંખ કરાશે

**આરોગ્ય અને દબાણતંત્ર સાથે મળી અખાદ્ય ચીજોનો વેપલો કરનારાઓની સામે કડક હાથે કામગીરી કરવા કલેક્ટરે તાકિદ કરી હતી**

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેર સહિત સમગ્ર જિલ્લામાં અખાદ્ય ચીજોનો વેપલો વધી જવા પામ્યો છે તે માટે આરોગ્યતંત્રની ટીમોને સાથે રાખી દબાણ હટાવવાની કામગીરી કરવા જિલ્લા કલેક્ટરે આજે જણાવ્યુ છે.

જિલ્લામાં ગેરકાયદે દબાણો હટાવવા માટેની ચાલતી ઝુંબેશની સમીક્ષા દરમ્યાન પાણી-પુરી સહિત અખાદ્ય ચીજોની લારીઓ જે ચાલે છે તે અંગે કલેક્ટરે ગંભીર બની આ દિશામાં અસરકારક કાર્યવાહી થાય તે જોવા જણાવ્યુ હતુ.

તેમણે ખાસ કરીને આરોગ્યતંત્રને પણ જરૂર પડ્યે સાથે રાખી આવી અખાદ્ય ચીજવસ્તુઓના વેપારને અટકાવવાની હિમાયત કરી હતી. શહેરી વિસ્તારમાં આવી વસ્તુઓનું વેચાણ વધારે થતુ હોવાની ટકોર પણ તેમણે કરી હતી.

જિલ્લા કલેક્ટરે ટ્રાફિકને અડચણરૂપ થતા અસ્થાયી દબાણો દૂર કરવા માટે પણ જણાવ્યુ હતુ. આ ઉપરાંત દબાણો જે ગેરકાયદેસર છે અને સ્થિર છે તેમને ઓળખી કાઢો એટલુ જ નહિ તે અંગેનો રિપોર્ટ પણ કરો. સ્થાનિક સત્તાધીશોને સાથે રાખી તેમને નોટીસ આપી આગામી દિવસોમાં આ ઝુંબેશ સઘન બનાવો તેમ જણાવ્યુ હતુ.

# મહાત્મા મંદિર પાસે તોતિંગ વૃક્ષ જમીનદોસ્ત થતા યુવાનને ઈજા ત્રણ વાહનો દટાયા

ગાંધીનગર તા ૨૭

સે-૧૫ સ્થિત સાયન્સ કોલેજના કમ્પાઉન્ડ વોલની પાછળના ભાગે મહાત્મા મંદિરના ગેટ નજીક અચાનક જ એક તોતિંગ વૃક્ષ ધરાશાયી થતા એક યુવાનને ઈજા થવા પામી હતી. જયારે ત્રણ વાહનો વૃક્ષ નીચે દટાયા હતા. સદનસીબે યુવાનનો બચાવ થયો હતો. ઈજાગ્રસ્ત યુવાનને ત્વરિત સારવાર અર્થે હોસ્પિટલ લઈ જવાયો હતો. નગરમાં હજુ જોખમી વૃક્ષોનુ અસ્તિત્વ છે. ત્યારે વરસાદી દિવસોમાં આવા વૃક્ષો ગમે ત્યારે આમ નાગરિકો માટે જાનલેવા પુરવાર થઈ શકે તેમ છે.

શહેર નજીક સ્થિત વાવોલ ગામમાં બે દિવસ અગાઉ જ આંબલીના તોતિંગ વૃક્ષે એક મહીલાનો ભોગ લીધો હતો. જયારે આ ઘટનામાં અન્ય બે ને ઈજા થવા પામી હતી. વરસાદી દિવસોમાં આમ પણ માટી પોલાણ થવાના લીધે વૃક્ષો જમીન દોસ્ત થવાના અનેક કિસ્સાઓ ધ્યાને આવે છે. ત્યારે શહેરમાં પણ જોખમી વૃક્ષોનુ અસ્તિત્વ યથાવત હોવાનો કિસ્સો ધ્યાને આવ્યો છે. સે-૧૫ માં વિજ્ઞાન કોલેજ પાછળના ભાગે કમ્પાઉન્ડ વોલને અડીને મહાત્મા મંદિરના ગેટ પાસે આજે અચાનક જ એક તોતિંગ વૃક્ષ ધરાશાયી થયુ હતુ. વૃક્ષ નીચે મુકેલા એક બાઈક સહીત ત્રણ વાહનો પણ આ ઘટનામાં દટાયા હતા. જયારે વૃક્ષની નીચેના ભાગે સ્કુટર પર બેઠેલા એક યુવાનને પણ ઈજાઓ થવા પામી હતી. જો કે સદનસીબે આ યુવાનને વૃક્ષના થડીયાનો ભાગ અડયો ન હતો પરંતુ વૃક્ષની ડાળી

● અનુસંધાન પાન-૭ પર


**ભાડે / વેચાણ આપવાના છે**

**ભાડે :**
- ● ફ્લેટ 3BHK PDPU રોડ, ફેમિલી માટે ● બંગ્લો - સે.૮, 4BHK ઓફીસ/ફેમિલી માટે

**વેચાણ :**
- ● ફ્લેટ 2BHK સૌંદર્ય-૪૪૪, ખ રોડ ● ફ્લેટ - ગ્રા.ફ્લોર 2BHK સે.૨૯, ચ-૬ પાસે.
- ● ફ્લેટ 3BHK ૧૭૦ વાર પ્રતિક મોલની સામે. ● બંગલો - પ્લોટ ૨૦૦ વાર 3BHK કુડાસણ

**ભાડે / વેચાણ જોઈએ છે.** ફ્લેટ / ટેનામેન્ટ / બંગલા સે.૧ થી ૩૦, સરગાસણ, કુડાસણ, રાયસણ, રાંદેસણ, વાવોલ.

**THE SPACE**
9328801440
9328701440




સોલાર પેનલ - સોલાર સિટીના નિર્માણના ભાગરૂપે ગાંધીનગરના ઘ-૨ સર્કલમાં સોલાર લાઈટ નંખાઈ રહી છે.. જે અન્વયે ખૂબ જ વિશાળ સોલાર પેનલ લગાવાઈ છે... આગામી દિવસોમાં સોલાર લાઈટથી સમગ્ર સર્કલ ઝળહળતુ બની જશે...

# પૂર્વ ડીડીઓ પી.કે. વાલેરાનું અવસાન

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લાના પૂર્વ જિલ્લા વિકાસ અધિકારી પી.કે. વાલેરાનુ આજે અમદાવાદ ખાતે દુઃખદ અવસાન થયુ છે.

ગુજરાત કેડરના સનદી અધિકારી વાલેરાએ ૧૯૮૭ થી ૧૯૮૮ દરમ્યાન ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી તરીકે સેવાઓ આપી હતી. તેઓ તેમના નિવૃત્ત જીવન દરમ્યાન રાજકીય ક્ષેત્રે ઝંપલાવ્યુ હતુ અને કોંગ્રેસના મહત્વના અગ્રણી તરીકે પણ આગવી ઓળખ ઉભી કરી હતી.

વાલેરાના દુઃખદ અવસાનના સમાચાર આવતાં જ પંચાયત અને કોંગ્રેસના કાર્યકરોમાં શોકની લાગણી પ્રસરી જવા પામી હતી. પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી નિશીત વ્યાસ, પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલ, ધારાસભ્યો ડૉ. સી.જે. ચાવડા, બળદેવજી ઠાકોર, સુરેશભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ મંગુબેન પટેલ (ચૌધરી)એ તેમના અવસાન અંગે ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરી અને શોકાંજલિ અર્પી હતી.

# આરોગ્યતંત્ર સતર્ક બની રોગચાળાની સ્થિતિ ઉભી ના થાય તે જુવે : કલેક્ટર

ગાંધીનગર, તા. ૨૭

ચોમાસાના દિવસો છે તેમજ જિલ્લાની આસપાસના વિસ્તારોમાં જે રીતે પાણીજન્ય રોગચાળો વકર્યો છે ત્યારે આરોગ્યતંત્રના અધિકારીઓ પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી અને પેયજળના ક્લોરીનેશન માટે પણ વધુ સતર્ક બને તે જરૂરી છે તેમ જિલ્લા કલેક્ટર લાંગાએ આજે સંચારી રોગોની બેઠકને સંબોધતાં જણાવ્યુ હતુ.

તેમણે કહ્યુ કે તબીબો તેમની ફરજના સ્થળે હાજર રહે એટલુ જ નહિ ફિલ્ડમાં ઉભી થતી રોગચાળાની સ્થિતિને ઉગતી જ ડામી દેવા માટે સક્રિયતા વધારે તે જરૂરી છે.

જિલ્લા કલેક્ટરે જણાવ્યુ હતુ કે તબીબોએ રોગચાળાની સ્થિતિ પેદા ના થાય તે માટે સતત જન જાગૃતિનું અભિયાન કરવુ જોઈએ. સ્વચ્છતાનું મહત્વ પણ લોકોને સમજાવવુ જોઈએ.

● અનુસંધાન પાન-૭ પર





## બ્રહ્મભટ્ટ બેસણું



**મેહુલકુમાર રસિકલાલ બ્રહ્મભટ્ટ** તા. ૨૩/૭/૨૦૧૮, સોમવારના રોજ અક્ષરનિવાસી થયા છે. **સદ્‌ગતનું બેસણું તા. ૨૯/૭/૨૦૧૮ (રવિવાર)ના રોજ સવારે ૯ થી ૧૧-૩૦ સુધી** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : તિરૂપતિ બાલાજી મંદિર, શોપીંગ સેન્ટર પાસે, સેક્ટર-૧૬, ગાંધીનગર**

લી.
મલ્લિકા મેહુલકુમાર બ્રહ્મભટ્ટ — રસિકલાલ જીવણલાલ બ્રહ્મભટ્ટ
દેવેશ મેહુલકુમાર બ્રહ્મભટ્ટ — કોકિલા રસિકલાલ બ્રહ્મભટ્ટ
રીટા રસિકલાલ બ્રહ્મભટ્ટ (બહેન)

## જાહેર બોરડીના ફળ હરાજી બાબત

આથી રસધરાવતા ઈસમોને જાણ કરાવમાં આવે છે કે, ચંદ્રાલા ગ્રામ પંચાયતની માલિકીના ગૌચર હેડે ચાલતી જમીના બ્લોક નં. ૫૦૯ ક્ષેત્રફળ ૨/૯૬/૧૭માં ઉગાડેલ બોરડી (દેશી)ના ફળ હરાજી રાખવામાં આવેલ છે. તો રસ ધરાવતા ઈસમોએ તારીખ ૯/૮/૨૦૧૮ ને ગુરૂવારના દિવસે સવારે ૧૦-૦૦ કલાકે ગ્રામ પંચાયત ચંદ્રાલાની કચેરીમાં હાજર રહેવા જણાવવામાં આવે છે.

**સ્થળ : ચંદ્રાલા ગ્રામ પંચાયત**
**સમય : ૧૦-૦૦ સવારે**

સહી/-
સરપંચશ્રી
ચંદ્રાલા ગ્રામ પંચાયત
તા. જી. ગાંધીનગર


www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ**®
AN ISO 9001:2008 Certified Company
**મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ**
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com